For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ઉજ્જૈનથી વડોદરા પરત ફરતી કારને ટ્રેલરે અડફેટે લીધી, ગોધરાના ૬ મિત્રોના મોત

**ધાર** જિલ્લામાં રોંગ સાઈડે આવેલા બેકાબૂ ટ્રેલરની ટક્કરથી કારના કુચડા બોલી ગયા, 1 યુવક ઘાયલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં રવિવારે બપોરે સર્જાયેલા એક સાંભળીને હચમચાવી દે તેવા અકસ્માતમાં ગોધરાના 6 યુવકોના કરુણ મોત થયા છે. ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરે દર્શન કરીને વતન પરત ફરી રહેલા આ મિત્રોને રોંગ સાઈડ પર આવતા એક ટ્રેલરે સામેથી જોરદાર ટક્કર મારી હતી.

આ બનાવ બપોરે અંદાજે 1 વાગ્યે બડનાવર-ઉજ્જૈન ફોરલેન પર પંચકવાસા ગામ નજીક બન્યો હતો. વડોદરાના પ્રાઈવેટ ફાઈનાન્સમાં કામ કરતા અને સપ્તાહાંતની રજાનો લાભ લઈને ફરવા નીકળેલા ગોધરાના 6 મિત્રો ઈકો કારમાં સવાર હતા. સામેથી અચાનક બેકાબૂ ટ્રેલર આવી જતા કારચાલક કંઈ સમજે તે પહેલા જ ભયંકર અકસ્માત સર્જાયો હતો. ટક્કરની તીવ્રતા એટલી હતી કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે પીસાઈ ગયો હતો. આ દુર્ઘટનામાં વિશાલસિંહ પરમાર, મયુર દેવડા, રાકેશ મકવાણા, પરેશ પરમાર, વિમલ સોલંકી અને દિપક આંગડિયા નામના 6 યુવકોએ ઘટનાસ્થળે જીવ ગુમાવ્યો હતો. સ્થાનિકોની મદદથી કારના કાટમાળમાંથી ગંભીર રીતે ઘાયલ થયેલા એક અન્ય યુવકને બહાર કાઢી બડનાવર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. સુચના મળતા જ બડનાવર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અમિતસિંહ કુશવાહ અને તહેસીલદાર સુરેશ નાગર ટીમ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. પોલીસે છ મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોર્ચરીમાં મોકલ્યા છે. મૃતકોના પરિવારોને જાણ કરવામાં આવી છે. આ અકસ્માતને પગલે ફોરલેન પર થોડા સમય માટે ટ્રાફિક ખોરવાયો હતો. પોલીસે ક્રેનની મદદથી વાહનો હટાવી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. ફિલહાલ પોલીસ ટ્રેલર રોંગ સાઈડમાં કેવી રીતે આવ્યું અને અકસ્માતનું મૂળ કારણ શું છે તે અંગે તપાસ કરી રહી છે.



## CCTV ઇન્સ્ટોલેશન દરમિયાન માલની તપાસ કરતા ચોરીનો ભાંડો ફૂટ્યો

# જેતલપુરના કલામંદિર જ્વેલર્સની સાઈટ પરથી રૂ.૨૫.૮૨ લાખની ૫૭ હાર્ડ ડિસ્કની ચોરી

**માઈક્રો** હાર્ટ આઇટી સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ કંપનીના પ્રોજેક્ટ મેનેજર સામે ફરિયાદ નોધાવવામા આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા શહેરના જેતલપુર વિસ્તારમાં આવેલી કલામંદિર જ્વેલર્સની સાઈટ પરથી CCTV સિસ્ટમ માટે મંગાવવામાં આવેલી રૂ.25.82 લાખની 57 હાર્ડ ડિસ્ક સહીતનો માલ ચોરી થયો હતો. CCTV ઈન્સ્ટોલેશન દરમિયાન માલની તપાસ કરતા સમગ્ર ચોરીનો ભાંડો ફૂટ્યો હતો. CCTV ઈન્સ્ટોલેશન દરમિયાન માલની તપાસ કરતા ચોરીનો ભાંડો ફૂટ્યો હતો. માઈક્રો હાર્ટ આઈટી સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના પ્રોજેક્ટ મેનેજર સામે ફરિયાદ નોધાવવામા આવી છે.

સુરતમા આવેલ હેપ્પી એક્સેલેન્સિયા ખાતે રહેતા પ્રતિક રાજેશભાઈ શાહે નોધાવેલી ફરિયાદ મુજબ જેતલપુર વિસ્તારમાં અમારી કલામંદીર જયેશકઈ લિમિટેડ કંપની ખાતે આઇ. ટી ડીપાર્ટમેટને લગત કામગીરી કરુ છુ. કલામંદિર જ્વેલર્સની જેતલપુર ખાતેની સાઈટ પર CCTV તથા Storage System લગાવવાનું હોવાથી સુરતની માઈક્રો હાર્ટ આઈટી સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની પાસેથી 13 માર્ચ, 2025ના પર્ચેઝ ઓર્ડર મારફતે 57 હાર્ડ ડિસ્ક મંગાવવામાં આવી હતી. કંપની દ્વારા માલનું બિલિંગ કરી મહાવીર એક્સપ્રેસ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ મારફતે વડોદરા ખાતેની સાઈટ પર માલ મોકલવામાં આવ્યો હતો. પાર્સલમાં CCTV સિસ્ટમને લગતી અન્ય જરૂરી સામગ્રી પણ હતી. સાઈટ પર કામગીરી દરમિયાન આ સામગ્રી સુરક્ષિત રાખવામાં આવી હતી. ત્યારબાદ CCTV કેમેરા અને સ્ટોરેજ સિસ્ટમ ઈન્સ્ટોલેશન શરૂ કરવામાં આવ્યું હતું. માલની ચકાસણી દરમિયાન 57 હાર્ડ ડિસ્કમાંથી સામગ્રી ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. આ દરમિયાન માઈક્રો હાર્ડ આઈટી સોલ્યુશન્સ પાસેથી ફરી સમાન સ્પેસિફિકેશનની હાર્ડ ડિસ્ક મંગાવવામાં આવી હતી. 4 ઓગસ્ટના ઈનવોઈસમાં આવેલી હાર્ડ ડિસ્કના બેચ અને સીરીયલ નંબરની તપાસ કરતાં તેમાંની 17 હાર્ડ ડિસ્કના નંબર અગાઉ વડોદરાની સાઈટ પર મોકલવામાં આવેલી ચોરી થયેલી હાર્ડ ડિસ્કના નંબર સાથે સંપૂર્ણપણે મેચ થતી હોવાનું જાણવા મળ્યું હતું જેની તપાસ કરતાં આ હાર્ડ ડિસ્ક આગળ એક CCTV કંપની મારફતે અન્ય વ્યક્તિઓને વેચવામાં આવી હતી. સમગ્ર વિગતોના આધારે કલામંદિર જ્વેલર્સની સાઈટ પરથી ચોરી થયેલી રૂ.25.82 લાખની 57 હાર્ડ ડિસ્ક અંગે માઈક્રો હાર્ડ ડિસ્ક આઈટી સોલ્યુશન્સના પ્રોજેક્ટ મેનેજર સહિત અન્ય લોકો પણ સંડોવાયેલા હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે.પોલીસે હાર્ડ ડિસ્ક ક્યાંથી અને કોના મારફતે વેચાણ કરાઈ હતી તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# ચાઈનીઝ લારી પર ફ્રાઈડ રાઈસમાં નીકળી ફ્રાય ગરોળી

**છાણી** જકાતનાક પાસેની લારીનો ગ્રાહકે વીડિયો બનાવી આક્ષેપ કર્યો, સંચાલકે કહ્યું કોબીજ છે



(પ્રતિનિધિ) વડોદરા,તા.9

વડોદરા શહેરમાં ખાણીપીણીની ગુણવત્તાને લઈને વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. છાણી જકાતનાકા પાસે આવેલી ઈન્ડિયા ગેટ ચાઈનીઝની લારી પર એક ગ્રાહકને ફ્રાઈડ રાઈસની પ્લેટમાં ગરોળી દેખાતા તે ચોંકી ઉઠ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

વીડિયો બનાવનાર ગ્રાહકે જણાવ્યું કે અમે છાણી જકાતનાકા પાસે આવેલી ઈન્ડિયા ગેટ ચાઈનીઝની લારી પર ચાઈનીઝ ખાવા માટે બેઠા હતા. અમે ફ્રાઈડ રાઈસ મંગાવ્યો હતો. પ્લેટમાં જમતા સમયે અમને તેમાં ફ્રાય થયેલી ગરોળી દેખાઈ હતી. આ અંગેની જાણ તાત્કાલિક લારીના સંચાલક સમીરભાઈને કરવામાં આવી હતી. જોકે સંચાલક દ્વારા આ ગરોળી નહીં પરંતુ કોબીજ હોવાનું જણાવવામાં આવ્યું હતું. પરંતુ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે પ્લેટમાં ગરોળી જ છે. અત્રે નોંધનીય છે કે શહેરમાં આજે પણ કેટલાક રેસ્ટોરન્ટ અને લારી ધારકો લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યા છે. ત્યારે આ પ્રકારનો વધુ એક વીડિયો વાયરલ થતા નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# નવજાત તસ્કરીમાં વધુ એક મહિલા ઝડપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા શહેરમાં 8 દિવસના નવજાત બાળકની તસ્કરીના કેસમાં સંડોવાયેલી વધુ એક મહિલા આરોપીની ક્રાઈમ બ્રાન્ચ અને એએચટીયુની ટીમે ધરપકડ કરી છે. આ કેસમાં અગાઉ 10 આરોપીઓ ઝડપાઈ ચૂક્યા છે.

તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, વોન્ટેડ આરોપી રૂપા અપૈયા બુધ્ધનાવાર (રહે. બેલગાવ, કર્ણાટક) અગાઉ ઝડપાયેલા તૌફીક મોમીન અને સોહીલ મોમીન સાથે મળીને કોલ્હાપુરથી બાળકને મેળવી અન્ય એજન્ટને સોંપવાની ફિરાકમાં હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસના આધારે પોલીસે રૂપાને ઝડપી લીધી હતી.

કાયદેસરની ધરપકડ બાદ તેને કોર્ટમાં રજૂ કરતાં 4 દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર થયા છે. પોલીસે બાળ તસ્કરીના આ રેકેટમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## તમન્ના સૈયદ ઘણાં દિવસોથી સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરતી હતી

# નશીલા પદાર્થના વેચાણના વીડિયો પોસ્ટ કરનાર દંપતી સામે ખંડણીનો ગુનો દાખલ

**પુત્રીનો** ગંભીર આક્ષેપ - વગર કારણે કરી ધરપકડ, રવિવાર જોઈને કસ્ટડીમાં લીધા



(પ્રતિનિધિ) વડોદરા,તા.9

વડોદરા શહેરમાં નશીલા પદાર્થોનું વેચાણ ક્યાં-ક્યાં થઈ રહ્યું છે, તેના એડ્રેસ સાથે વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં પોસ્ટ કરનાર મહિલા તમન્ના સૈયદ અને તેના પતિ સામે જેપી રોડ પોલીસ મથકમાં ખંડણીનો ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહિલાએ ડ્રગ્સ અને નશાના વેપલા અંગેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. જેના આધારે પોલીસે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. જોકે આ સમગ્ર મામલે તમન્ના સૈયદની પુત્રીએ પોલીસ મથક બહારથી ગંભીર આક્ષેપો કર્યા છે. તેણે જણાવ્યું કે, મારી મમ્મીએ છેલ્લા ત્રણ દિવસથી નશા અને ડ્રગ્સ સંબંધિત અનેક વીડિયો બનાવી પોસ્ટ કર્યા છે. ગઈકાલે પણ એક વીડિયો બનાવ્યો હતો. જે બાદ એસઓજીમાં ફરિયાદ થઈ અને પોલીસ અમારા ઘરે આવી હતી. આખા ઘરની તલાશી લીધી હતી પરંતુ કયા કેસ હેઠળ અને કયા આધારે તલાશી લીધી તે અમને જણાવવામાં આવ્યું નથી. પુત્રીએ વધુમાં આક્ષેપ કર્યો કે, મારા મમ્મી અને પપ્પા બંનેને પોલીસ સ્ટેશન લઈ ગયા છે. કસ્ટડી માટે લઈ ગયા હોવાનું કહે છે. આજે રવિવાર હોવાથી દિવસ પણ એવો પસંદ કર્યો છે કે જેથી અમે તેમને તાત્કાલિક બહાર ન કાઢી શકીએ. હવે જે પણ થશે તે સોમવારે કોર્ટમાં થશે. પોલીસ અમને મળવા પણ નથી દેતી કે વાત પણ કરવા નથી દેતી. કોઈ કારણ જણાવ્યા વિના ધરપકડ કરી છે. બસ એક જ વાત કહે છે કે તમારા મોબાઈલ આપો, પણ શા માટે તેનું કારણ નથી જણાવતા. હાલ પોલીસે આ મામલે ખંડણીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સોમા તળાવ પાસે વિશ્વ આદિવાસી દિવસની યાત્રામાં મારામારી

**યાત્રા** દરમિયાન છૂટા હાથની મારામારીનો વીડિયો વાયરલ, કાયદો-વ્યવસ્થા સામે સવાલો



(પ્રતિનિધિ) વડોદરા,તા.9

વડોદરા શહેરમાં સોમા તળાવ પાસેથી પસાર થઈ રહેલી વિશ્વ આદિવાસી દિવસની યાત્રા દરમિયાન મારામારીના દ્રશ્યો સામે આવ્યા છે. યાત્રા દરમિયાન બે જૂથો વચ્ચે છૂટા હાથની મારામારી થતાં સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસ તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે.

સામાજિક એકતા અને સંસ્કૃતિને ઉજાગર કરવાના હેતુથી નીકળેલી આ યાત્રામાં જાહેરમાં મારામારી થતા ઉપસ્થિત લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. વીડિયોમાં કેટલાક લોકો એકબીજાને માર મારતા અને ધક્કામુક્કી કરતા દેખાઈ રહ્યા છે. સતત આવી ઘટનાઓ બનવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. સામાજિક એકતાના કાર્યક્રમમાં વારંવાર માથાકૂટના બનાવો બનતા હોવાથી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે કે કેમ તેવા સવાલો લોકો કરી રહ્યા છે. ઘટના બાદ સ્થાનિક લોકો અને સામાજિક સંગઠનોએ જવાબદાર તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે વાયરલ વીડિયોના આધારે તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

## પાલિકાના વારંવાર બદલાતા પ્લાનિંગ સામે સવાલો

# રેલવે સ્ટેશન સામે ઈ-બસ ચાર્જિંગ સ્ટેશનના સ્થાને હવે ‘સિટી સ્ક્વેર’ પ્રોજેક્ટ આકાર લેશે

**બુલેટ** ટ્રેનના પ્રવાસીઓ માટે મોલ ટાઈપનું આકર્ષક બહુમાળી સ્ક્વેર બનાવવાનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ શહેર ના સયાજીગંજ વિસ્તારમાં આવેલ રેલવે સ્ટેશનની બિલકુલ સા મેના ભાગે વડોદરા મહાનગરપાલિકા દ્વારા મોટા પાયે ફેરફાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં જ્યાં સિટી બસ સ્ટેન્ડ અને ગ્રામ્ય જીએસઆરટીસી બસ સેવાઓનું સંચાલન થતું હતું તથા વિનાયક લોજિસ્ટિક્સની સિટી બસો પાર્ક થતી હતી, તે જુનું સિટી બસ સ્ટેન્ડ ધ્વસ્ત કરી દેવામાં આવ્યું છે. આ જગ્યા પર અગાઉ પીએમ ઈ-બસ સેવા માટે ચાર્જિંગ સ્ટેશન બનાવવાની યોજના હતી, પરંતુ હવે તે પ્રોજેક્ટ મુલતવી રાખી આ સ્થળે મોલ શૈલીનું આકર્ષક ‘સિટી સ્ક્વેર સેન્ટર’ અને બહુમાળી ભવન બનાવવાની નવી યોજના સામે આવી છે.

વડોદરામાં આગામી સમયમાં આવી રહેલી હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન તથા ભારતીય રેલવેના પ્રવાસીઓને સ્ટેશનની બહાર નીકળતાં જ એક ભવ્ય અને આકર્ષક વાતાવરણ મળી રહે તેવા હેતુથી આ ‘સિટી સ્ક્વેર સેન્ટર’નું આયોજન વિચારવામાં આવ્યું છે. આ કોમર્શિયલ અને આકર્ષક સેન્ટરમાં મોલ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાશે, જેથી બહારથી આવતા મુસાફરો માટે આ સ્થળ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે. બીજી તરફ, સ્માર્ટ સિટી અને કોર્પોરેશનના અધિકારીઓના વારંવાર બ દલાતા વિઝન અને પ્લાનિંગ સામે પણ ચર્ચાઓ જાગી છે. પીએમ ઈ-બસ ચાર્જિંગ સ્ટેશનનો પ્લાન રદ કરીને હવે અહીં સિટી સ્ક્વેર બનાવવાનો નિર્ણય લેવાતાં, ઈ-બસોના ચાર્જિંગ માટે નવું સ્થળ શોધવાનો વારો આવશે. પાલિકાના અધિકા રીઓ દ્વારા અવારનવાર બદલાતી ડિઝાઈનો અને પ્રોજેક્ટ્સના કારણે પાલિકાને નાણાકીય નુકસાન વેઠવાનો વારો આવે છે કે શહેરને ફાયદો થાય છે, તે અંગે હવે આગામી સમયમાં જ સ્પષ્ટતા થશે.

# ગણેશ આગમન યાત્રામાં મારામારી, વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા શહેરમાં ગણેશોત્સવની ઉજવણીને લઈને વિવિધ મંડળો દ્વારા ગણેશજીની આગમન યાત્રાઓ યોજાઈ રહી છે. દરમિયાન રાવપુરા મંડળની આગમન યાત્રામાં લહેરીપુરા દરવાજા પાસે બે પક્ષો વચ્ચે મારામારી થતાં અફરાતફરી મચી હતી.

યાત્રા દરમિયાન કોઈ બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો. ત્યારબાદ કેટલાક શખ્સો વચ્ચે છુટ્ટા હાથની મારામારી થઈ હતી. ઘટનાને પગલે યાત્રામાં હાજર લોકોમાં દોડધામ મચી હતી. સમગ્ર ઘટનાનો કોઈ વ્યક્તિએ મોબાઈલમાં વીડિયો ઉતારી લીધો હતો, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં કેટલાક લોકો મારામારી કરતા નજરે પડે છે. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી વીડિયો આધારે મારામારીમાં સામેલ શખ્સોની ઓળખ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.




# રૂ.૩૩ કરોડના ખર્ચે નવી જન્મ-મરણ કચેરી બનશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને વહીવટી સેવાઓ વધુ સરળ અને ઝડપી મળી રહે તે માટે રૂ.33 કરોડના અંદાજિત ખર્ચે આધુનિક જન્મ-મરણ શાખાની નવી કચેરી બનાવવાનો નિર્ણય લેવાયો છે.

હાલની કચેરીમાં જગ્યાની મર્યાદા અને મોટી સંખ્યામાં આવતા અરજદારોને પડતી અગવડને ધ્યાનમાં રાખી નવી કચેરીનું આયોજન કરાયું છે. નવી કચેરીમાં જન્મ, મરણ અને લગ્ન નોંધણી તેમજ પ્રમાણપત્ર મેળવવા માટેની તમામ સુવિધા એક જ સ્થળે ઉપલબ્ધ કરાશે. કચેરીમાં વિશાળ બેઠક વ્યવસ્થા, વેઈટિંગ એરિયા, શુદ્ધ પીવાનું પાણી, શૌચાલય ઉપરાંત ટોકન સિસ્ટમ અને ડિજિટલ હેલ્પડેસ્ક જેવી સુવિધાઓ ઉભી કરાશે. આથી અરજદારોને લાંબી લાઈનોમાંથી રાહત મળશે અને સમયની બચત થશે. નવી સુવિધાથી વહીવટી પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનવાની આશા છે.

## સમસ્તીપુરથી ૩૮ કલાકની મુસાફરી કરી પરિવાર વડોદરા પહોંચ્યો

# માતાથી વિખૂટી પડી ગયેલી પરપ્રાંતીય કિશોરીનું વડોદરામાં પરિવાર સાથે મિલન

**ચાઈલ્ડ** હેલ્પલાઈન ટીમના પ્રયાસો રંગ લાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 9

વડોદરા રેલવે સ્ટેશન પરથી એકલી મળી આવેલી 12થી 13 વર્ષની પરપ્રાંતીય કિશોરીને ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમ, બાળ સુરક્ષા એકમ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના સંકલિત પ્રયાસોથી તેના બિહારના સમસ્તીપુર ખાતે રહેતા પરિવાર સાથે સફળતાપૂર્વક મિલન કરાવવામાં આવ્યું હતું. પરિવાર 38 કલાકની મુસાફરી કરીને વડોદરા પહોંચ્યો હતો અને જરૂરી દસ્તાવેજોની ચકાસણી બાદ કિશોરીને સુરક્ષિત રીતે પરિવારને સોંપવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, તા. 25 જુલાઈ, 2026ના રોજ ‘પાયલ’ નામની કિશોરી વડોદરા રેલવે સ્ટેશન પરથી RPFને એકલી મળી આવી હતી. કિશોરીની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે તે બિહારના સમસ્તીપુરથી પોતાની માતા સાથે વડોદરા આવી હતી. માતા અન્ય એક અજાણ્યા પુરુષ સાથે વડોદરા આવી હોવાનું અને કિશોરીને કથિત રીતે માનસિક ત્રાસ તથા શારીરિક ઈજા પહોંચાડવામાં આવતી હોવાનું તેણે જણાવ્યું હતું. ત્યારબાદ અજાણ્યા વ્યક્તિ દ્વારા તેને ઘરની બહાર કાઢી મૂકવામાં આવતા કિશોરી રેલવે સ્ટેશન પહોંચી હતી.

ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમે કિશોરીની આરોગ્ય તપાસ કરાવી તેને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજૂ કરી હતી. કમિટીના માર્ગદર્શન હેઠળ કિશોરીને સિતારે સંસ્થામાં આશ્રય આપવામાં આવ્યો હતો. દરમિયાન કિશોરી દ્વારા વડોદરામાં પોતાની માતાનું ઘર જોયું હોવાનું જણાવવામાં આવતા સંસ્થાના સ્ટાફ, ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમ તથા મહિલા પોલીસ સ્ટાફ દ્વારા તેણીએ બતાવેલા સ્થળોએ અનેક વખત શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ કોઈ સફળતા મળી નહોતી.

આખરે ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમ, વડોદરાએ બિહારની સમસ્તીપુર ચાઈલ્ડ હેલ્પલાઈનનો સંપર્ક કરી વીડિયો કોલ મારફતે કિશોરી સાથે વાતચીત કરાવી હતી. આ દરમિયાન સમસ્તીપુર ચાઈલ્ડ હેલ્પલાઈનની મદદથી કિશોરીના પરિવારનો સંપર્ક થતાં પરિવારજનોએ કિશોરી પોતાની દીકરી હોવાનું જણાવ્યું હતું અને તેને લેવા વડોદરા આવવાની તૈયારી દર્શાવી હતી. 8 ઓગસ્ટ, 2026ના રોજ કિશોરીના પરિવારજનો સમસ્તીપુર, બિહારથી આશરે 38 કલાકની મુસાફરી કરીને વડોદરા પહોંચ્યા હતા. જરૂરી પુરાવા અને દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ કિશોરીને સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપવામાં આવતા પરિવારજનોમાં ખુશીનો માહોલ છવાયો હતો.